માનનીય અધક્ષ્યશ્રી
માનનીય સભ્ય શ્રી અભેશિ: તડવી જી જે સંકલ્પ લઇ ને આવ્યા છે એમ હું મારૂ અનુમોદન આપીને મારા વિચારો રજૂ કરવા ઉભી થઈ છું
માનનીય અધક્ષ્યશ્રી

ભારત દેશ ૧૩૫ કરોડની વસ્તી ધરાવતો વિશાળ દેશ છે વિશ્વની પ્રથમ નંબરની લોકશાહી શાસન વ્યવસ્થા આ દેશમાં પ્રવર્તમાન છે દેશના દરેક નાગરિકની પ્રાથમિક જરૂરીયાતો  રોટી કપડાં અને મકાન છે અને તે  ભોગવવા બધારણમાં અધિકાર મળેલ છે .

માનનીય અધ્યક્ષશ્રી

દેશ અને રાજ્યના ગરીબ લોકો કે જેમની પાસે આવકનું કોઇ સાધન નથી કાચા છાપરા કે ઝૂપડાંમાં રેહતા હોય તેવા આધાર વિહોણા લોકોની ચિંતા દેશના લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી સાહેબે  કરી છે .જરૂરિયાતમંદ લોકો માટે પ્રધાનમંત્રી આવાસ યોજના ની વ્યવસ્થા અને આરોગ્યની સુવિધા માટે PMJAY એટલે કે પ્રધાનમંત્રી  જન આરોગ્ય યોજના અમલમાં મૂકી છે .

માનનીય અધ્યક્ષશ્રી

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબે તેમના દસ વર્ષના શાસનમાં ભારતની જનતાની સુખાકારી અને દેશની સુરક્ષા માટે સતત કાર્યરત રહ્યા છે .સાથે સાથે રોજગારલક્ષી સ્કિમો ,ખેડૂત કલ્યાણની સ્કિમો મહિલા  સશક્તિકરણ માટે યોજનાવો બાળકોનું શિક્ષણ ,કિસાન સન્માન નિધિ, વગેરે જાહેર સુખાકારીની યોજનાવો અમલમાં મૂકી છે

માનનીય અધક્ષ્યશ્રી

આ  બધી યોજનાવો  રાજ્યના છેવાડાના માણસ સુધી પોહચાડવાનું કામ રાજ્યના મુદુ અને ભકમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ  પટેલ સાહેબ બે સુપેરે કરી રહ્યા છે .

માનનીય અધક્ષ્યશ્રી.

રાજ્યના ગરીબ લોકોને છતનીસાથે સાથે જીવન જીવવા માટે ખોરાકની જરૂર હોય છે. આથી પંડિત દીનદયાલ ઉપાધ્યાયના એકાત્મ માનવતા વાદના સિદ્ધાંતોને મૂર્તિમંત કરવા સરકાર કટિબધ્ય છે . તેથી જ જરૂરિયાત મંદ તમામ લોકોને પોસ્ટિક અને પોષણક્ષમ આહાર મળી રહે તે માટે “રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો ૨૦૧૩ હેટળ સસ્તા અનાજની દુકાનેથી ઘંઉ ,ચોખા .તેલ,ખાંડ,દાળ કઠોળ વગેરે સબસીડીવાળી જીવન જરૂરિયાતની ચીજ વસ્તુવો નું વિતરણ કરાવાની વ્યવસ્થા સરકાર દ્વારા ઊભી કરવામાં આવી છે .

માનનીય અધક્ષ્યશ્રી

રાષ્ટ્રીય અન્ય સલામતી કાયદા હેતળ “વન નેશન વન રેશન કાર્ડ “ આ યોજના હેટળ બે પ્રકારના કુટુબો આવરી લેવામાં આવ્યા છે.  જેમાં અંતોધય કુટુબો અને અગ્રતા ધરાવતા કુટુબોને આવરી લેવામાં આવેલ છે .

માનનીય અધક્ષ્યશ્રી

તેમજ બીપીએલ અને એપીએલ અને એપીએલ -૨ અગ્રતા ધરાવતા પરિવારોને પણ આવરી લેવાયા છે .દેશમાં અને રાજ્યમાં એપીએલ અને બીપીએલ કાર્ડ ધરાવતા પરિવારો જેમાં ખાસ કરીને શ્રમીક વર્ગના હોય છે . આવા લોકોને રોજગારી મેળવવા પોતાના વતનથી અન્ય સ્થળોએ જવું પડે છે . ક્યારેક જિલ્લા બહાર પણ જવું પડે છે અને રાજ્ય બહાર પણ રોજગારી મેળવવા જવું પડે .

માનનીય અધક્ષ્યશ્રી

આવા સ્થળાતર કરતા લોકોને સસ્તા અનાજની સરકારની યોજનાનો લાભ મળી રહે તે માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ આ યોજના બનાવી છે .શ્રમીકોં મજૂરી કરવા કે રોજગારી મેળવવા કોઇપણ જગ્યાએ સ્થળાતર કરે તો પણ રેશન કાર્ડ ધરાવતા લોકોને સરકારી અનાજ નો લાભ મળે તેમાટે 'એક રાષ્ટ્ એક રેશન કાર્ડ ' એટલે કે 'વન નેશન વન રેશન કાર્ડ્ 'યોજના અમલમાં મૂકી અને તેમા ગુજરાત રાજ્યને પાયલોટ પ્રોજેક્ટ તરીકે પંસદગી કરીને ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્ય વચ્ચે પોર્ટેબિલિટી દ્વારા વિતરણ વ્યવસ્થા અમલ મૂકવામાં આવી

માનનીય અધક્ષ્યશ્રી

તબ્બકાવાર આ યોજનાનું દેશના વિવિધ રાજ્યોમાં અમલીકરણ થયું અને આજે સમગ્ર દેશમાં "વન નેશન વન રેશન કાર્ડ નો લાભ લોકો ભોગવિ રહ્યા છે .

માનનીય અધક્ષશ્રી

દેશ માં કોરોના વાયરસ નો ફેલાવો થયો ત્યારે લોકડાઉન દરમિયાન આ યોજના શરૂ કરવાથી ખાસ કરીને પરપ્રાંતીય લોકોને તેનો મોટા પ્રમાણ માં લાભ મળ્યો

છે .

માનનીય અધક્ષશ્રી

આ યોજના નો મુખ્ય ઉદ્ધેશ દેશમાં નકલી રાશન કાર્ડને રોકાવામાં અને તેમ ચાલી રહેલા ગોલમાલ ને રોકવામાં મદદ કરવાનો છે .  ઉપરાંત કોઇ વ્યક્તિ એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય છે તો તેને રાશન મેળવવામાં કોઇ સમસ્યા નહીં થાય આનાથી પરપ્રાંતિય મજૂરોને સંપૂર્ણ ખાધ સુરક્ષા એમ તો તેને રાશન મેળવવામાં કોઈ સમસ્યા નહીં થાય. આનાથી પરપ્રાંતિય મજૂરોને સંપૂર્ણ ખાધ સુરક્ષા મળશે.

માનનીય અધક્ષશ્રી

આ યોજનાથી સરકાર તમામ રેશનકાર્ડ ધારક માટે કેન્દ્રીય ભંડાર બનાવીને અને તેને આધાર કાર્ડ સાથે જોડીને ફુલ પોર્ટેબિલીટીની સુવિધા આપવામાં આવે છે. જેનાથી દેશમાં ગમે ત્યાં, ગમે તે રાજ્યમાં, જિલ્લા/તાલુકા અથવા જે ગામે જાય તો પણ તે નોંધણી કરાવીને સરળતાથી રાશનનો જથ્થો મેળવી શકે છે  અને સરળતાથી અનાજ મેળવી પોતાનું અને પોતાના કુટુંબનું ગુજરાન ચલાવી શકે છે. આમ ગરીબો માટે વરદાનરૂપ આ યોજના અમલમાં મૂકી છે.

માનનીય અધક્ષશ્રી

આ યોજના દેશના તમામ લોકો સુધી પહોંચી શકે તે માટે ભારત સરકાર દ્વારા '"મેરા રેશન" મોબાઈલ એપ્લીકેશન જુદી જુદી પ્રાદેશિક ભાષાઓમાં તૈયાર કરવામાં આવેલ છે. આ મોબાઈલ એપ્લીકેશન દ્વારા લાભાર્થી પોતાનું રજિસ્ટ્રેશન

કરીને પોતાની નજીકની વાજબી ભાવની દુકાનની વિગતો મેળવીને લાભ લઈ શકે છે.

માનનીય અધક્ષશ્રી

આમ હવે જે રીતે મોબાઈલ ફોન સમગ્ર દેશમાં ચાલે છે. તેવી જ રીતે "વન નેશન, વન રાશન કાર્ડ'' એટલે કે ONOR પણ સમગ્ર દેશમાં ચાલે છે.

માનનીય અધક્ષશ્રી

આ કાર્ડ નો  ઉદ્દેશ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે રાષ્ટ્રભરમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદાનો લાભ જરૂરિયાત મંદ લોકો સરળતાથી મેળવી શકે તે માટે ''વન નેશન, વન રાશન કાર્ડ'" ની  જાણકારી તમામ નાગરિકો સુધી પહોંચાડવા બહોળા પ્રમાણમાં પ્રચાર-પ્રસાર કરવાનો રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબ દ્વારા કાર્યક્રમ યોજીને છેવાડાનો માણસ યોજનાથી લાભાન્વિત બને તે માટે લોકોને માહિતી પહોંચાડવામાં આવે છે.

માનનીય અધક્ષશ્રી

દેશના દરેક નાગરિકોને આ યોજનાનો લાભ મળે આ શુભ આશય થી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ એ વન નેશન વન રાશન કાર્ડ યોજના કાઢીને લોકોએ ખૂબ લાભ લઇ રહ્યા છે

માનનીય અધક્ષશ્રી

**જેથી આ સંકલ્પ માનનીય સભ્ય શ્રી અભેશિહ તડવીજી લઈને આવ્યા છે એને હું સમર્થન આપું છું**